# ઓલપાડ કાંઠા સુગરના લોન કૌભાંડમાં પીપલ્સ બેંકના પૂર્વ MDને જામીન

**તપાસ** પૂર્ણ અને ચાર્જશીટ રજૂ થયાનું કોર્ટનું અવલોકન

સુરતઃ ઓલપાડ કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ સાથે સંકળાયેલા રૂ.૭.૩૫ કરોડથી વધુના લોન વ્યવહારના કેસમાં ગુજરાત હાઇકોર્ટે સુરત પીપલ્સ કો-ઓપ. બેંકના પૂર્વ એમડી જતિનભાઇ ઇશ્વરલાલ નાયકને નિયમિત જામીન મંજૂર કર્યા છે.

આ કેસમાં બચાવ પક્ષે રજૂઆત કરી હતી કે અરજદાર માત્ર સુરત પીપલ્સ કો-ઓપ. બેંકમાં એમડી. તરીકે ફરજ બજાવતા હતા અને સોસાયટીના સંચાલન કે વહીવટ સાથે તેમનો સીધો સંબંધ નહોતો. તેમણે ટ્રિપાર્ટાઇટ એગ્રીમેન્ટમાં બેંકના પ્રતિનિધિ તરીકે સહી કરી હતી, વ્યક્તિગત ક્ષમતા હેઠળ નહીં.હાઇકોર્ટે નોંધ્યું કે અરજદાર 17 માર્ચ, 2026થી જેલમાં છે, તેમનો કોઇ ગુનાહિત પૂર્વ ઇતિહાસ નથી, તપાસ પૂર્ણ થઇ ચૂકી છે અને ચાર્જશીટ પણ રજૂ થઇ ગઇ છે. અરજદાર પાસેથી હવે કોઇ વસૂલાત કે વધુ શોધખોળ કરવાની બાકી નથી. ગુનો મેજિસ્ટ્રેટ કોર્ટમાં ટ્રાયેબલ હોવાથી ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગશે તેવી બાબત પણ કોર્ટે ધ્યાનમાં લીધી હતી.

### હાઇકોર્ટનો સોંસરો સવાલ જેની કરોડોની લોન ચવાઈ ગઈ એ NCDC એ કોઈ ફરિયાદ કેમ કરી નથી?

આ કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઇકોર્ટે ખેડૂતો વતી પોલીસ ફરિયાદ કરનાર ગુજરાત સરકાર નિયુક્ત કસ્ટોડિયન કમિટીની ફરિયાદી તરીકેની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું લોન આપીને જે ભોગ બન્યું છે, એ NCDC ક્યાં છે? જેની કરોડોની લોન ચવાઈ ગઈ એ NCDC એ કોઈ ફરિયાદ કેમ કરી નથી? કાંઠા સુગરના વકીલે દલીલ કરી હતી કે, NCDC માંથી આવેલા લોનના કરોડો રૂપિયા ઝોન સમિતિમાં મોકલ્યા, એ એકાઉન્ટ સુરત પીપલ્સ બેંકે મેઇન્ટેન કર્યા છે. પણ ખેડૂતોને આ નાણાં પહોંચવાને બદલે બોગસ રસીદો બનાવી આ નાણા કમિટીના હોદ્દેદારોએ ઉપાડી લીધા હતાં. NCDC એ જમીનના મોર્ગેજના અવેજમાં લોન આપી છે અને NCDC લોનની વસૂલાત કાંઠા સુગર પાસે કરી રહી છે. આરોપી જતીન નાયકના વકીલે દલીલ કરી હતી કે, લોન એમાઉન્ટ સિક્યોર્ડ છે. તો કોર્ટે કહ્યું હતું કે NCDC મોર્ગેજ પ્રોપર્ટી કબજે લઇ વસૂલાત કરી શકે છે. સ્ટેચ્યુટરી બોડી આ કેસમાં છે. કોઇ ખાનગી કંપની નથી. હાઇકોર્ટનો સવાલ હતો ભોગ કોણ બન્યું, મંડળીનો જવાબ ખેડૂતો, હાઇકોર્ટે કહ્યું, ના NCDC એ સફર કર્યું છે. તો NCDC એ કેમ ફરિયાદ કરી નથી? આ હુકમ જોતા હવે NCDC અથવા અસરગ્રસ્ત ખેડૂતોએ નવેસરથી ફરિયાદી બનવું પડશે.

# ઈડરની શાળામાં 37થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગ

**મધ્યાહન** ભોજનમાં અડદની દાળ સહિતનું ભોજન લીધા બાદ બાળકોને ઊબકા, ઊલટી અને પેટમાં દુખાવો થતાં હોસ્પિ.માં દાખલ કરાયા

ગાંધીનગરઃ સાબરકાંઠાના ઈડરની હસનપુરા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ અનેક બાળકોની તબિયત અચાનક લથડતાં ચકચાર મચી ગઈ હતી. અડદની દાળ સહિતનું ભોજન લીધા બાદ એક પછી એક બાળકોને ઊબકા, ઉલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ થતાં તાત્કાલિક તમામને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ આશરે 37થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની જેવી અસર થઈ હોવાનું સામે આવ્યું છે.

ઈડરની હસનપુરા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ બાળકોને તકલીફ શરૂ થતાં શિક્ષકો અને શાળા તંત્ર દ્વારા તાત્કાલિક આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકોને ઈડર સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં લઈ જવાયા હતા. મોટી સંખ્યામાં બાળકો એકસાથે હોસ્પિટલ પહોંચતાં તબીબી તંત્ર પણ દોડતું થયું હતું. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા પ્રમાણે બાળકોને ઊબકા, સામાન્ય ઉલટી અને પેટમાં દુખાવા જેવી તકલીફો જોવા મળી હતી. મેડિકલ ટીમે બાળકોને તાત્કાલિક ઓઆરએસનું પાણી સહિતની જરૂરી દવાઓ આપી સારવાર શરૂ કરી હતી.

બાળકોને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ આશરે બે કલાક સુધી તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. કોઈપણ બાળકમાં ગંભીર તકલીફ જોવા મળી નહોતી. હાલ તમામ બાળકોની તબિયત સારી અને સ્થિતિ સ્થિર હોવાનું તબીબો દ્વારા જણાવાયું છે. ઘટનાની જાણ થતાં શિક્ષણ વિભાગ તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ તાત્કાલિક સક્રિય બન્યા હતા.

# સુરત જિલ્લામાં સોનાનાં આભૂષણો માટે ફરજિયાત હોલમાર્કિંગ કરાયું

**કેન્દ્ર** સરકારે ગુજરાતના વધુ 25 જિલ્લાને હોલમાર્કિંગના દાયરામાં સામેલ કર્યા

**છોટા** ઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, મહિસાગર, પંચમહાલ, અરવલ્લી અને અમદાવાદ ગ્રામ્યમાં હજી વ્યવસ્થા ઊભી કરવાની બાકી

સુરતઃ ગુજરાતના 33માંથી 25 જિલ્લામાં સોનાના આભૂષણો માટે ફરજિયાત હોલમાર્કિંગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જોકે છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, મહિસાગર, પંચમહાલ, અરવલ્લી અને અમદાવાદ ગ્રામ્યમાં હજી વ્યવસ્થા ઊભી કરવાની બાકી હોવાથી નવી યાદીમાં આ જિલ્લાઓનો સમાવેશ થયો નથી.

કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા 3 ઓગસ્ટ, 2026ના રોજ જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશનથી "Hallmarking of Gold Jewellery and Gold Artefacts (Third Amendment) Order, 2026" અમલમાં મૂકવામાં આવ્યો છે. ગેઝેટમાં નોટિફિકેશન પ્રકાશિત થયાની તારીખથી આ સુધારો અમલમાં આવ્યો છે. નવા સુધારા હેઠળ ફરજિયાત હોલમાર્કિંગ લાગુ પડતા જિલ્લાઓની નવી યાદી જાહેર કરવામાં આવી છે. અગાઉની યાદીમાં સુધારો કરીને વિવિધ રાજ્યોના વધુ જિલ્લાઓને ફરજિયાત હોલમાર્કિંગના દાયરામાં સામેલ કરવામાં આવ્યા છે.

નૈનેશ પચ્ચીગર (સ્ટેટ પ્રેસિડેન્ટ, IBJA ગુજરાત) એ જણાવ્યું હતું કે, ગુજરાતના 25 જિલ્લા હોલમાર્કિંગના દાયરામાં આવી ગયા છે. કેન્દ્ર સરકારની નવી યાદીમાં ગુજરાતના કુલ 25 જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં અમદાવાદ, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા અને વલસાડનો સમાવેશ થયો છે. આ યાદીમાં સુરતનો સમાવેશ સોનાના આભૂષણોના વેપાર સાથે સંકળાયેલા જ્વેલર્સ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. ફરજિયાત હોલમાર્કિંગના વિસ્તારથી સોનાની ખરીદી-વેચાણ પ્રક્રિયામાં વધુ પ્રમાણિકતા અને પારદર્શિતા આવવાની શક્યતા છે.

નૈનેશ પચ્ચીગરએ વધુમાં જણાવ્યું હતું કે, "જ્વેલર્સ માટે પણ BISની હોલમાર્કિંગ પ્રક્રિયા અને નિયમોનું પાલન કરવું અત્યંત જરૂરી છે. ઉદ્યોગ અને ગ્રાહકો વચ્ચે વિશ્વાસ વધારવા માટે પારદર્શક અને પ્રમાણિત વ્યવસ્થા સમયની જરૂરિયાત છે."

# વાંસદાના ખેડૂતના સારવારના 25 હજાર રિક્ષા ટોળકી સેરવી ગઈ

**હોસ્પિટલ** જવા એન.જી.સી. સર્કલથી રિક્ષામાં બેઠા, ટોળકીએ 'આગળ પોલીસ છે' કહી હીરાબુર્સ પાસે ઉતારી દીધા

સુરતઃ નવસારીના વાંસદા તાલુકાના નવાનગર ખાતે મંદિર ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા દશરથભાઈ ગનુભાઈ પટેલ (ઉ.વ.૬૬) પોતાના ડ્રાઈવરના હાથના ઓપરેશન અંગે ખબર-અંતર પૂછવા માટે સુરત આવ્યા હતા. ત્યારબાદ તેઓ જી.ઈ.બી. કોલોની ખાતે રહેતા તેમના બહેન ઈલાબેનના ઘરે રોકાયા હતા. દશરથભાઈને હૃદયની બીમારી હોવાથી અડાજણ પાટીયા ખાતે આવેલી ગ્રેસ હોસ્પિટલમાં બતાવવા જવાનું હતું. ગત તા. ૦૮/૦૮/૨૦૨૬ એ બહેનના ઘરેથી સારવાર માટેના રૂ. ૨૫,૫૦૦ રોકડા લઈને નીકળ્યા હતા. ઓ.એન.જી.સી. બ્રિજ તરફથી એક ઓટોરિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં પાછળની સીટ પર પહેલાથી જ ત્રણ મુસાફરો બેઠેલા હતા. રિક્ષાચાલકે દશરથભાઈને ડાબી બાજુ બેસાડ્યા હતા. થોડે આગળ ગયા બાદ રિક્ષાચાલકે સરખી રીતે બેસવાનું કહી આગળ-પાછળ થવા જણાવ્યું હતું. આ દરમિયાન નજર ચૂકવી તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂ. ૨૫,૫૦૦ તારવી લીધા હતા. ત્યારબાદ હીરાબુર્સના ગેટ નજીક પહોંચતા જ રિક્ષાચાલકે 'આગળ પોલીસ છે, તમે અહીં ઉતરી દીધા હતા અને ઝડપથી રિક્ષા ભગાવી મૂકી હતી. દશરથભાઈએ ખિસ્સામાં તપાસ કરતા નાણાં ગાયબ જણાયા હતા. બનાવ અંગે ઇચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ચાર અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# ચૈતર વસાવાની જામીન અરજી પર 24 ઓગસ્ટે વધુ સુનાવણી

**ધારાસભ્ય** સામે 22 ફરિયાદ, 12 હજુ પેન્ડિંગ



અમદાવાદઃ ડેડિયાપાડામાં વનકર્મી પર હુમલા અને ખંડણીના મામલે ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર તરફથી ચૈતર વસાવા સામે નોંધાયેલા અગાઉના ગુનાઓ અને ફરિયાદોની વિગતો હાઈકોર્ટ સમક્ષ રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ હાઈકોર્ટે જામીન અરજીની વધુ સુનાવણી 24 ઑગસ્ટ પર રાખી છે.

ચૈતર વસાવાની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ચૈતર વસાવા સામે કુલ 22 ફરિયાદો નોંધાઈ છે. જેમાંથી કેટલીક ફરિયાદમાં સમાધાન થયું હોવાનું અને કેટલીક ફરિયાદ રદ કરવામાં આવી હતી. જોકે, હજુ પણ ચૈતર વસાવા સામે 12 ફરિયાદો પેન્ડિંગ છે. સરકાર તરફથી વધુમાં રજુઆત કરવામાં આવી હતી કે અગાઉના ગુનાઓમાં શરતોને આધારે ચૈતર વસાવાને જામીન સંબંધિત રાહત આપવામાં આવી હતી. ક્રિમિનલ એક્ટિવિટી નહીં થાય તેવી ખાતરીના આધારે બોન્ડ આપવામાં આવ્યા હતા. વનકર્મી પર હુમલા અને ખંડણીના આક્ષેપોને લઈને નોંધાયેલા આ કેસમાં બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે ચૈતર વસાવાની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટ 24 ઑગસ્ટે સુનાવણી હાથ ધરશે.

# લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેન મુંબઈથી વડનગર સુધી લંબાવાશે

**પશ્ચિમ** રેલવેનો પ્રસ્તાવ અંતિમ મંજૂરી માટે રેલવે બોર્ડ સમક્ષ મોકલાયો

સુરતઃ ઉત્તર ગુજરાત અને મહેસાણા જિલ્લાના રેલવે મુસાફરો માટે ખૂબ જ મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. મુંબઈ (બાંદ્રા ટર્મિનસ) અને અમદાવાદ વચ્ચે દોડતી લોક શક્તિ એક્સપ્રેસને વડનગર સુધી લંબાવવાનો પ્રસ્તાવ પશ્ચિમ રેલવે દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

PCOM દ્વારા આ દરખાસ્તને મંજૂરી મળી ગઈ છે અને હવે અંતિમ નિર્ણય માટે રેલવે બોર્ડ સમક્ષ મોકલવામાં આવી છે. આ પ્રસ્તાવને લીલી ઝંડી મળતા જ આ ટ્રેન અમદાવાદથી આગળ વધીને મહેસાણા થઈ વડનગર સુધી દોડશે, જેમાં મહેસાણા ખાતે પણ કોમર્શિયલ સ્ટોપેજ આપવામાં આવશે.

પ્રસ્તાવિત શિડ્યુલ મુજબ, 22927 બાંદ્રા ટર્મિનસ-વડનગર એક્સપ્રેસ બાંદ્રાથી રાત્રે 7:40 વાગ્યે ઉપડી, અમદાવાદ સવારે 4:20 વાગ્યે પહોંચશે અને આગળ વધીને સવારે 6:40 વાગ્યે વડનગર પહોંચશે. વળતા પ્રવાસમાં 22928 વડનગર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ વડનગરથી સાંજે 6:20 વાગ્યે ઉપડી, અમદાવાદ રાત્રે 8:35 વાગ્યે પહોંચશે અને બીજા દિવસે સવારે 5:25 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

ઉત્તર ગુજરાતમાં રેલ સેવાઓનો વિસ્તાર કરવા માટે મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સુરત ખાતેના એનઆરયુસીસીના પૂર્વ સભ્ય બિપિન પટેલે કહ્યું કે , આ નિર્ણય આવકાર્ય છે. ભવિષ્યમાં વંદેભારતની કનેક્ટિવિટી પણ મહેસાણા, વડનગર, અંબાજી સુધી મળે તેવી અપેક્ષા છે.

# DFCના સુરત-પાલઘર સેક્શનમાં 61 બેટરી ચોરાઈ

**100થી** વધુ સીસીટીવી તપાસ્યા બાદ ચાર આરોપીની ધરપકડ

સુરતઃ ડીએફસી (ડેડીકેટેડ ફ્રેટ કોરિડોર)ના સુરત-પાલઘર સેક્શનમાં રેલવેના મહત્ત્વપૂર્ણ સિગ્નલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી 61 બેટરીની ચોરી કરવાના મામલામાં ડીએફસીઆઈએલ સિક્યોરિટી ટીમ અને આરપીએફ પાલઘરે ચાર આરોપીની ધરપકડ કરી છે. જેમાં એક સગીર પણ સામેલ છે.

તપાસ દરમિયાન ચોરીનો સામાન ખરીદનાર રિસીવરને પણ ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હવે ચોરીની બાકીની બેટરીઓ રિકવર કરવામાં લાગેલી છે. આ મામલો 20 મે 2026નો છે. સુરત-પાલઘર વચ્ચે ડીએફસીઆઈએલના એક રિમોટ ઓટો લોકેશન હટ (ALH)માંથી 61 બેટરીઓ ચોરી થયાની માહિતી સામે આવી હતી.

તપાસ ટીમે બનાવની આસપાસ અને આરોપીઓની સંભવિત અવરજવરના રસ્તાઓ પર લાગેલા 100થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. સ્થાનિક સ્તરે બાતમીદાર નેટવર્ક વિકસાવવાની સાથે પાલઘર પોલીસ અને આરપીએફ સાથે સતત સંકલન જાળવવામાં આવ્યું હતું. આ તમામ માહિતીને જોડ્યા બાદ તપાસ ટીમ આરોપીઓ સુધી પહોંચી હતી. આ પછી 5 ઓગસ્ટના રોજ ડીએફસીઆઈએલ સિક્યોરિટી ટીમ અને આરપીએફ પાલઘરે સંયુક્ત કાર્યવાહી કરીને ચાર આરોપીની ધરપકડ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે આ ગેંગના એક આરોપીની અગાઉ પણ બેટરી ચોરીના બીજા કેસમાં સંડોવણી હતી. ચોરીની બેટરીઓ કયા માધ્યમથી ઠેકાણે પાડવામાં આવી અને તેમાં બીજા કોણ-કોણ સામેલ છે, તેની તપાસ ચાલુ છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### ડો. હર્ષના...

કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા ચાર પૈકી ત્રણ મહિલા રેસિડેન્ટ ડૉક્ટરો હોવાનું સામે આવ્યું છે. તપાસમાં સામે આવ્યું છે કે, સિનિયર ડૉક્ટરો દ્વારા હર્ષ પંડ્યાને ગાળો આપી માનસિક રીતે પરેશાન કરવામાં આવતો હતો. એટલું જ નહીં, 'અમે તમારા બોસ છીએ, તમે અમારા નોકર છો, મેમ ને બુલાયા તો જલ્દી આજા ને કા, પહેલે સે સબ કામ શીખ કે આના થા ના', કહીને કલાકો સુધી ગોંધી રાખવામાં આવતો હોવાનો પણ તપાસમાં ખુલાસો થયો છે. આ પ્રકારના વર્તનને એન્ટી રેગિંગ સ્ક્વોડે ગંભીર માનસિક હેરાનગતિ અને વર્બલ એબ્યુઝ ગણાવી રેગિંગ સાબિત કર્યું છે. એન્ટી રેગિંગ કમિટીના સમગ્ર અહેવાલને કોલેજ કાઉન્સિલે સર્વાનુમતે મંજૂરી આપી છે. ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે ગંભીર સમીક્ષા કરી રાજ્ય સરકારને સત્તાવાર અહેવાલ પણ વહેલી સવારે સુપરત કરવામાં આવ્યો છે.

### કોલેજ બાદ VNSGU દ્વારા પણ તપાસ, યુજીસીને રિપોર્ટ આપશે

સુરતઃ એન્ટી-રેગિંગ દિવસ અને સપ્તાહની ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓમાં રેગિંગ વિરોધી જાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ તેની શરૂઆત પહેલાં જ સુરતની મેડિકલ કોલેજમાં સામે આવેલી આ ઘટનાએ રેગિંગ વિરોધી વ્યવસ્થાની અસરકારકતા સામે પણ સવાલો ઊભા કર્યા છે. હર્ષ પંડ્યા ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના માઇક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષના પીજી વિદ્યાર્થી હતા. તેમના મૃત્યુ બાદ સમગ્ર મામલો ગંભીર બનતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ કે.એન. ચાવડાના આદેશ બાદ યુનિવર્સિટી કક્ષાની એન્ટી-રેગિંગ કમિટીએ તપાસ હાથ ધરી છે. યુનિવર્સિટી કક્ષાની તપાસમાં સમગ્ર ઘટનાની હકીકત, વિદ્યાર્થીઓની ફરિયાદો તથા કોલેજ સ્તરે કરવામાં આવેલી કાર્યવાહી સહિતના મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી કમિટી દ્વારા ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના ડીન જયેશ બ્રહ્મભટ્ટ, આરએમઓ કેતન નાયક તેમજ કોલેજની એન્ટી-રેગિંગ કમિટીના સભ્યોનાં નિવેદનો લેવામાં આવી રહ્યાં છે. યુનિવર્સિટી કક્ષાની એન્ટી-રેગિંગ કમિટીના રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. સાથે જ સમગ્ર તપાસનો અહેવાલ યુજીસી સુધી મોકલવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

### 'હેરાનગતિ થાય તો ડર્યા વગર સીધો મારો સંપર્ક કરો': આરોગ્ય મંત્રી

આ મામલે આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ રેગિંગ કરનારા તબીબોને કડક ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, જુનિયર ડોક્ટરોનું અપમાન કરવું કે માનસિક ત્રાસ આપવો એ આપને સંસ્કારિકતા નથી. આવી કલંકિત ઘટનાઓમાં સામેલ થનારા વ્યક્તિ સામે સરકાર દ્વારા કડક પગલાં ભરવામાં આવશે. ડોક્ટર જો આવી પ્રવૃત્તિમાં જોડાશે તો રેગિંગનું આ કલંક તેમની આખી જિંદગી અને ભવિષ્યના કરિયરને સંપૂર્ણપણે બરબાદ કરી દેશે. 'જો તમે આવું કરતા હોવ તો આજથી જ બંધ કરી દેજો. તમારા સર્ટિફિકેટમાં આની નોંધ થશે તો લોકો તમને ધિક્કારશે.' આરોગ્ય મંત્રીએ જુનિયર ડોક્ટરો અને વિદ્યાર્થીઓને ભાવુક અપીલ કરતાં જણાવ્યું હતું કે કોઈ સિનિયર દ્વારા હેરાનગતિ કરવામાં આવે, રેગિંગ થાય અથવા પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી આપવામાં આવે તો મનમાં વાત દબાવી રાખવાની જરૂર નથી. આવા સંજોગોમાં ડીન, કોલેજના નિયામક અથવા સીધો આરોગ્ય મંત્રી તથા રાજ્ય સરકારનો સંપર્ક કરવા તેમણે અપીલ કરી હતી. 'આત્મહત્યા જેવા આત્યંતિક પગલાં તરફ જવાની જરૂર નથી, સરકાર તમારી સાથે છે' તેવો વિશ્વાસ પણ મંત્રીએ વિદ્યાર્થીઓને આપ્યો હતો. ડો. હર્ષ પંડ્યાના આપઘાતની ઘટના અંગે આરોગ્ય મંત્રીએ તેમના પિતા સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. મંત્રીએ પરિવારજનો પ્રત્યે શોક વ્યક્ત કરી સાંત્વના પાઠવી હતી અને જવાબદાર કોઈપણ વ્યક્તિને છોડવામાં નહીં આવે તથા પરિવારને ન્યાય અપાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

### નવી સિવિલ હોસ્પિ.માં 7 વર્ષમાં 4 રેસિડેન્ટ ડૉક્ટરના આપઘાત

સૂત્રોના જણાવ્યા મુજબ, છેલ્લા 7 વર્ષ દરમિયાન સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા આશરે ચાર રેસિડેન્ટ ડોક્ટરોએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે. જેમાં વર્ષ 2018માં રેસિડેન્ટ ડોક્ટર ધવલ દિનેશભાઈ ચૌહાણ અને વર્ષ 2024માં રેડિયોલોજી વિભાગના રેસિડેન્ટ ડોક્ટર લોકેશ સહિતના કિસ્સાઓનો સમાવેશ થાય છે. હવે માઈક્રોબાયોલોજી વિભાગના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાત બાદ છેલ્લા સાત વર્ષમાં રેસિડેન્ટ ડોક્ટરોના આપઘાતના બનાવોને લઈને મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તંત્ર સામે અનેક સવાલો ઊભા થયા છે.

### તંત્રએ ચાર...

શૈક્ષણિક અને ટીચિંગ એક્ટિવિટીમાં ભાગ ન લેવા આદેશ કરવામાં આવ્યો છે. આવા સિનિયરોની એકેડમીક ટર્મ ટર્મિનેટ કરવા માટેની માંગણી અને આ ટર્મ નવેસરથી ભરાવવી જરૂરી છે. જેથી ભવિષ્યમાં બીજાને આ કડક દાખલો બેસાડી શકાય.

### પૂરનિવારણ માટે...

કન્સલ્ટન્ટની ટેકનિકલ ટીમ દ્વારા DGPS અને ડ્રોન સરવે હાથ ધરવામાં આવ્યો છે. શહેરની કુલ 188 કિ.મી. ખાડીમાંથી 180 કિ.મી. એટલે કે આશરે 96 ટકા વિસ્તારમાં સરવેની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું બેઠકમાં જણાવાયું હતું.આ પૈકી 75 કિ.મી. ખાડીના સરવે ડેટાનું પ્રોસેસિંગ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીની કામગીરી આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.ખાડીપૂર નિવારણની બેઠકમાં સૌથી મહત્વની બાબત તરીકે અલથાણ બ્રિજની ડાઉનસ્ટ્રીમમાં ખાડી પહોળી કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનો સિંચાઈ વિભાગે દાવો કર્યો છે. મનપા કમિશનરે આ કામગીરી અંગે દર સપ્તાહે થયેલા કામની વિગત ખાડીપૂર નિવારણ ખાસ સમિતિને મોકલવા સિંચાઈ વિભાગને સૂચના આપી છે.

અલથાણ ડાઉનસ્ટ્રીમમાં ખાડી પહોળી કરવાની કામગીરી અંગે અગાઉથી પણ ચર્ચા ચાલી રહી હતી. હવે સિંચાઈ વિભાગે કામ શરૂ થયાનું જણાવ્યું છે ત્યારે આગામી દિવસોમાં કેટલો વિસ્તાર પહોળો થયો, કેટલું કામ થયું અને ખાડીની પાણી વહન ક્ષમતામાં કેટલો વધારો થશે તેના સાપ્તાહિક આંકડા મહત્વના બની રહેશે. ખાડીપૂરની સમસ્યાનો વૈજ્ઞાનિક ઉકેલ શોધવા માટે માત્ર ખાડીની સ્થિતિ નહીં પરંતુ નેશનલ હાઈવે નજીકના આઉટલેટ, વિવિધ ખાડીઓ પર આવેલા બ્રિજ, સ્ટ્રક્ચર ડિટેઈલ્સ તથા સુરત-મુંબઈ એક્સપ્રેસ વેના સંબંધિત ડેટાને પણ અભ્યાસમાં સામેલ કરવામાં આવશે. સક્ષમ સત્તાની મંજૂરી હેઠળ રહેલો આ ડેટા આગામી બે દિવસમાં કન્સલ્ટન્ટને આપવામાં આવનાર હોવાનું બેઠકમાં જણાવાયું હતું. આ તમામ ડેટાના આધારે હાઈડ્રોલોજી મોડેલ તૈયાર કરી ખાડીપૂર નિવારણ માટે ડિટેઈલ પ્રોજેક્ટ તૈયાર કરવાની દિશામાં કામગીરી ચાલી રહી છે. એટલે અત્યાર સુધીના સરવે બાદ હવે આગામી તબક્કામાં આ ડેટા પરથી ક્યા સ્થળે ખાડી પહોળી કરવી, ક્યાં પાણી રોકવું કે ડાયવર્ટ કરવું અને ક્યાં જરૂરી માળખાકીય સુવિધા ઉભી કરવી તે નક્કી થવાનું છે.

### સુરતમાં વરસાદનો...

સિસ્ટમ સક્રિય રહે છે કે નહીં તેના આધારે વરસાદનું પ્રમાણ વધઘટ થઈ શકે છે. વરસાદી માહોલ વચ્ચે સુરત શહેરના તાપમાનમાં પણ નજીવો ઘટાડો નોંધાયો હતો. આજે શહેરનું મહત્તમ તાપમાન 0.8 ડિગ્રી ઘટીને 31.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 27.3 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. બીજી તરફ હવામાં ભેજનું પ્રમાણ 87 ટકા નોંધાતા તાપમાન પ્રમાણમાં ઓછું હોવા છતાં ઉકળાટ અને બફારો વધુ અનુભવાયો હતો. ઊંચા ભેજના કારણે વરસાદ પહેલાં વાતાવરણ ભારે અને અસહ્ય બન્યું હતું. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન સુરત સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. આ આગાહીને પગલે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ક્યાંક હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે.

### ગુદા માર્ગમાં...

મળતી માહિતી મુજબ, મૂળ બિહારનો વતની અને હાલમાં ગોડાદરા વિસ્તારમાં રહેતો 26 વર્ષીય યુવાન ગત તા. 31મીની રાત્રે પોતાના ગુદા માર્ગમાં 5થી 6 ઈંચની કાચની બોટલ નાખી રહ્યો હતો. દરમિયાન અચાનક બોટલ અંદર ફસાઈ જતાં તે ગભરાઈ ગયો હતો. ઘરે પરત ફર્યા બાદ તે ગુમસુમ રહેતો હતો. પત્નીએ તેને વારંવાર પૂછ્યું હોવા છતાં શરમના કારણે તેણે શરૂઆતમાં સમગ્ર ઘટનાની જાણ કરી નહોતી. આ દરમિયાન ચાર દિવસ સુધી કાચની બોટલ અંદર ફસાયેલી રહી હતી. તકલીફ વધતાં આખરે તા. 3મીએ પત્નીએ આગ્રહપૂર્વક પૂછપરછ કરતાં યુવાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ પત્ની તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવી હતી.

નવી સિવિલ હોસ્પિટલમાં તબીબોની ટીમે તપાસ કર્યા બાદ ઓપરેશન કરી ગુદા માર્ગમાં ફસાયેલી 5થી 6 ઈંચની કાચની બોટલ સફળતાપૂર્વક બહાર કાઢી હતી. જોકે યુવાન અન્ય તબીબી તકલીફોથી પણ પીડાતો હોવાનું સામે આવ્યું હતું અને સારવાર દરમિયાન તેને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ હતી. તબીબોએ તેની સારવાર શરૂ કરી હતી, પરંતુ રવિવારે મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. યુવાન છૂટક મજૂરી કામ કરતો હતો અને તેને બે સંતાનો હોવાનું જાણવા મળ્યું છે.

### ટ્રાફિક ભંગનું...

ભારે બેદરકારી દાખવવામાં આવી રહી હતી, પરંતુ હવે RTO અને ટ્રાફિક વિભાગે આવા ડિફોલ્ટરો સામે આકરા કાનૂની પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

RTOના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પાછલા બે વર્ષના સમયગાળા દરમિયાન રાજ્યમાં કુલ 2.10 લાખ ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવ્યા હતા. આમાંથી અત્યાર સુધીમાં 1.45 લાખ ચલણનો નિકાલ થયો છે અને તેની દંડની રકમ વસૂલવામાં આવી છે. જોકે, આશ્ચર્યજનક રીતે હજુ પણ 63,000 જેટલા ચલણોના દાવા પેન્ડિંગ બોલે છે. વારંવાર સમન્સ અને નોટિસ આપવા છતાં પણ હજારો વાહનચાલકો દંડ ભરવા કે પોતાની રજૂઆત કરવા માટે તંત્ર સમક્ષ હાજર થઈ રહ્યા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે વાહન વ્યવહાર વિભાગ દ્વારા તમામ બાકીદારો સામે કડક કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે. પેન્ડિંગ રહેલા ચલણો પૈકીના કેટલાંક કેસ ઈ-વર્ચ્યુઅલ કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા છે, જ્યાંથી કોર્ટના આદેશ મુજબ આગળની કાનૂની પ્રક્રિયા હાથ ધરાશે.

### 2050ની સુરતની...

ડેમ સુરત સહિત દક્ષિણ ગુજરાતની જીવાદોરી બની રહ્યું. પરંતુ આગામી 50 વર્ષ પછી ડેમની આ ક્ષમતા સુરતની અંદાજીત 1.25 કરોડની વસ્તીને પાણી પુરૂ પાડશે કે કેમ તે અંગે હવે આત્મમંથનની જરૂરિયાત છે.

વર્ષ ૧૯૭૨માં જ્યારે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન તાપી નદી પર ઉકાઈ બહુહેતુક યોજનાનું લોકાર્પણ થયું, ત્યારે તત્કાલીન ઈજનેરો અને આયોજકો સમક્ષ મુખ્ય બે જ પડકારો હતા. સુરત શહેરને વિનાશક પૂરમાં ડૂબતું બચાવવું અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી માટે નહેરનું પાણી પહોંચાડવું. તે સમયે સુરત મહાનગરપાલિકાની સીમામાં વસ્તી માંડ ૪.૭૧ લાખ આસપાસ હતી. આજે અડધી સદી કરતાં વધુ સમય વીતી ચૂક્યો છે. વર્ષ ૨૦૨૬માં સુરત માત્ર ગુજરાતનું જ નહીં પરંતુ વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું આર્થિક કેન્દ્ર બની ગયું છે.

શહેરની વસ્તી ૭૦ લાખ અને મેટ્રોપોલિટન એરિયાની વસ્તી ૮૮ લાખને વટાવી ગઈ છે, જ્યારે નાના-મોટા ઉદ્યોગોની સંખ્યા ૧.૫૦ લાખથી વધુ છે. ૧૯૭૨નું એ એન્જિનિયરિંગ વિઝન એટલું સચોટ હતું કે આજે પણ આ મેગા સિટી અને તેના વૈશ્વિક ઉદ્યોગો ઉકાઈના પાણી પર જ નભી રહ્યા છે. પરંતુ, શું 100 વર્ષની માળખાકીય ડિઝાઈન ધરાવતો આ ડેમ ભવિષ્યના આગામી ૫૦ વર્ષો માટે સુરતનો બોજ ઉઠાવવા સક્ષમ છે? સરકાર અને સ્થાનિક પ્રશાસનનું ભવિષ્યનું પ્લાનિંગ શું છે? આ એક મોટો પ્રશ્ન છે. કારણકે દર વર્ષે 10 વર્ષ સુધી પીવા માટે ચાલે એટલું પાણી દરિયામાં વ્હાવી દેવાય છે. બીજી તરફ વધતી વસ્તી અને ઉદ્યોગો મોટો પડકાર બની રહ્યા છે.

### ઉકાઈની સાથે તાપીનું લોકલ સ્ટોરેજ અને અન્ય વિકલ્પો સુરત માટે મહત્ત્વના

સુરત મહાનગરપાલિકાએ તાપી નદી પર વધારાનું બેરેજ/બેરેજ આધારિત જળસંગ્રહ ઊભું કરવાની દિશામાં આયોજન કર્યું છે. પરંતુ વર્ષો સુધી હજી આયોજન જ થઈ રહ્યા છે. આ સાથે જ સુરતમાં પાણીનું સ્તર વધારવા માટે જળસંચય યોજનાઓ વધારવી પડશે. આ માટે ખરેખર ગ્રાઉન્ડ ઉપર કેટલા પ્રયાસો થઈ રહ્યા છે તેની વાસ્તવિક્તા સુરતીઓના પાણીની જરૂરિયાતનું ભવિષ્ય નક્કી કરશે.

### મ્યુનિ.કમિ....

ખોટું કરનારા અધિકારીઓ પાસેથી જ ખર્ચ વસૂલવો જોઈએ. આ સાથે જ કોર્ટે સવાલ કર્યો હતો કે નાસીરનગર ડિમોલિશન મામલે જેમની ભૂમિકા અંગે તપાસ ચાલી રહી છે તેવા સુરત મ્યુનિસિપલ કમિશનર અને પોલીસના ઉચ્ચ અધિકારી ડીસીપી રાજદીપસિંહ નકુમ હજુ પણ હોદ્દા પર કેમ છે ?

સુનાવણી દરમિયાન રાજ્ય તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નાસીરનગરના અસરગ્રસ્તોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઈડબલ્યુએસ મકાન માટે અરજી કરવા જણાવાયું છે. આશરે રૂ.૫.૫૦ લાખની કિંમતના મકાન માટે રૂ.૨૦ હજારનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરવાનો રહે છે અને આ રકમ એનજીઓ દ્વારા ચૂકવવા તૈયારી દર્શાવવામાં આવી છે. આ રજૂઆત સામે હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે સવાલ કર્યો હતો કે, 'કઈ સત્તાથી કોર્પોરેશન અસરગ્રસ્તો પાસેથી પૈસા માગી રહ્યું છે?' જો રાજ્ય કે કોર્પોરેશનની ભૂલથી લોકો બેઘર બન્યા હોય તો પુનઃવસનની જવાબદારી પણ તંત્રની જ હોવી જોઈએ. અસરગ્રસ્તોને મકાન આપવા માટે એનજીઓના નાણાં પર આધાર રાખીને સરકાર અને કોર્પોરેશન પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં, તેવી કડક ટકોર પણ કરવામાં આવી હતી.

### 100થી વધુ પરિવારો થયા હતા અસરગ્રસ્ત

સુરતના વેડ દરવાજા નજીક નાસીરનગર વિસ્તારમાં ૨૯ અને ૩૦ મેના રોજ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧૦૦થી વધુ મકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્ત પરિવારોએ મકાનો તોડી પાડવાની કાર્યવાહી કાયદેસરની પ્રક્રિયા વિના કરવામાં આવી હોવાનો આક્ષેપ કરીને હાઈકોર્ટમાં અરજી કરી હતી. ત્યારબાદ સમગ્ર મામલો ન્યાયિક તપાસ હેઠળ આવ્યો હતો. અગાઉ હાઈકોર્ટે સુરત મ્યુનિસિપલ કમિશનરના સોગંદનામાના આધારે ડિમોલિશનને 'સંપૂર્ણપણે ગેરકાયદેસર' ગણાવ્યું હોવાનું સામે આવ્યું હતું અને અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસન અંગે તંત્રને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. પ્રાથમિક તપાસમાં અધિકારીઓના નિવેદનોમાં વિસંગતતા સામે આવ્યા બાદ પાંચ મહાનગરપાલિકા અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે હાઈકોર્ટે અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસનનો ખર્ચ કોણ ઉઠાવશે અને તપાસ હેઠળના ઉચ્ચ અધિકારીઓને હોદ્દા પર રાખવા અંગે રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટતા માગી છે. નાસીરનગર ડિમોલિશન કેસની વધુ સુનાવણી ૧૪ ઓગસ્ટે હાથ ધરાશે.

### 'ડિમોલિશન યોગ્ય હતું તો અગાઉની કાર્યવાહી અને જવાબદારીના સવાલોનું શું?'

સુનાવણી દરમિયાન સરકારી પક્ષ તરફથી ડિમોલિશન યોગ્ય હોવાનું રજૂ કરવામાં આવતાં હાઈકોર્ટે આ દલીલ સામે પણ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે ટકોર કરી હતી કે જો રાજ્ય હવે એવું કહે છે કે ડિમોલિશન યોગ્ય હતું તો અગાઉની કાર્યવાહી અને જવાબદારી અંગેના સવાલોનું શું? 'તમારે સુપ્રીમમાં જવું હોય તો જાવ, તમે છટકબારી શોધો છો', તેમ કહી કોર્ટે રાજ્યના વલણ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. અદાલતે એ બાબત પણ નોંધી હતી કે અગાઉ સત્તાવાર રજૂઆતોમાં ડિમોલિશનને લઈને અલગ સ્થિતિ સામે આવી હતી અને હવે તેને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોર્ટે કહ્યું હતું કે પાછળથી ડિમોલિશનને યોગ્ય ઠેરવવાના પ્રયાસથી મૂળ જવાબદારીમાંથી છટકી શકાય નહીં.

### જુનિયર સસ્પેન્ડ થયા તો સિનિયર અધિકારી સામે કેમ કાર્યવાહી નહીં ?

નાસીરનગર ડિમોલિશન અંગે રાજ્ય સરકારે ૧૮ જુલાઈએ રચેલી તપાસ સમિતિમાં સુરત મહાનગરપાલિકા તંત્ર, પોલીસ અને ખાનગી પક્ષની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. સમિતિએ બે મહિનામાં અહેવાલ આપવાનો છે. આ સ્થિતિમાં જેમની ભૂમિકા તપાસ હેઠળ છે તેવા ઉચ્ચ અધિકારીઓને હોદ્દા પર રાખવા અંગે હાઈકોર્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે જો જુનિયર કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તો સિનિયર અધિકારીઓ સામે કાર્યવાહી કેમ નહીં? ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ કામ કરતા જુનિયર અધિકારીઓના નિવેદનો લેવાના હોય ત્યારે તપાસ હેઠળના અધિકારીઓને એ જ હોદ્દા પર રાખવાથી તપાસની નિષ્પક્ષતા અંગે સવાલ ઊભો થઈ શકે છે. જોકે, કોર્ટે તેમને સસ્પેન્ડ કરવાનો સીધો આદેશ આપ્યો નથી, પરંતુ તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર રહેવા જોઈએ કે નહીં તે અંગે સરકાર પાસે સ્પષ્ટ જવાબ માગ્યો છે.

### 'ડીસીપી નકુમની હાજરીથી ડિમોલિશન પૂર્વ આયોજિત હોવાનો સવાલ'

હાઈકોર્ટે ડિમોલિશનના દિવસે ભારે મશીનરી સાથે કામગીરી હાથ ધરવામાં આવી હોવા અને ડીસીપી રાજદીપસિંહ નકુમની સ્થળ પર હાજરી અંગે પણ નોંધ લીધી હતી. આ પરિસ્થિતિઓને જોતા ડિમોલિશન માત્ર ડિમાર્કેશન માટેની કામગીરી હતી કે અગાઉથી આયોજનબદ્ધ રીતે મકાનો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, તે અંગે પણ તપાસ જરૂરી હોવાનું અદાલતના અવલોકનોમાં સામે આવ્યું હતું.